ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૩/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા સરસાણા ખાતે ત્રિદિવસીય યાર્ન એક્ષ્પો– ૨૦૧૯નો આજથી શુભારંભ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે આજરોજ સવારે ૧૦:૩૦ કલાકે સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે યાર્ન એક્ષ્પો ૨૦૧૯નો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન અને ઉદ્‌ઘાટક તરીકે મેયર ડો. જગદીશ પટેલ તથા અતિથિ વિશેષ તરીકે કોટરા અમદાવાદના ડાયરેકટર જનરલ મિસ્ટર ટાય હયુન્ગ લીમ અને યસ બેંકના એકઝીકયુટીવ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી દુષ્યંત સાપરા ઉપસ્થિત રહયા હતા. શહેરના પ્રથમ નાગરિક એવા મેયર ડો. જગદીશ પટેલના વરદ હસ્તે યાર્ન એક્ષ્પો ૨૦૧૯નું ઉદ્‌ઘાટન થયુ હતુ અને દીપ પ્રાગટયવિધી સાથે તેને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ એક્ષ્પો આજથી આગામી તા. ૫ ઓગષ્ટ ૨૦૧૯ સુધી ખુલ્લો રહેશે.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગનો વિકાસ ઝડપભેર થઈ શકે અને ઉદ્યોગકારોને યાર્ન પ્રોડકશન વિશેની અદ્યતન ટેકનોલોજીની જાણકારી મળી શકે તે માટે ચેમ્બર દ્વારા યાર્ન એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યુ છે. ચેમ્બર દ્વારા ગત વર્ષે પ્રથમ વખત યાર્ન એક્ષ્પો યોજાયો હતો. જેમાં એકઝીબીટર્સને જે રીતે બાયર્સનો સહકાર મળ્યો હતો તેને જોઇને એકઝીબીટર્સે આ વર્ષે પણ ઓગષ્ટ મહિનામાં જ યાર્ન એક્ષ્પોનું આયોજન કરવામાં આવે તેવી લાગણી વ્યકત કરી હતી. એકઝીબીટર્સની લાગણીને માન આપીને ચેમ્બર દ્વારા આ વર્ષે ગતવર્ષ કરતા વધારે વિશાળ જગ્યામાં એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યુ છે.

યાર્ન એક્ષ્પોને ખુલ્લો મુકનાર મેયર ડો. જગદીશ પટેલે જણાવ્યુ હતુ કે, ગત વર્ષ કરતા આ વર્ષે યાર્ન એક્ષ્પોમાં એકઝીબીટર્સની સંખ્યા વધી છે અને સાઇઝ વિકસી છે તે જાણીને આશ્ચર્ય થયુ પણ સુરતમાં તો આવુ થવાનું જ છે, જે વાવ્યુ એ ફળદ્રુપતા સાથે ઉગવાનું જ છે. આજે સુરતની જે ઓળખ ઉભી થઇ છે એ કાપડ ઉદ્યોગના કારણે થાય છે. ફાયબરથી ફેબ્રિક સુધીની આખી વાત એટલે એમાં સુરત આવે છે. ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ સિટી બાદ સુરત હવે બ્રિજ સિટી તરીકે પણ ઓળખાય છે. એટલે કે સુરતીઓની વૃત્તિ હંમેશા જોડવાની રહી છે. યાર્ન એક્ષ્પો એનું ઉત્તમ ઉદાહરણ છે. અનેક યાર્નમાંથી ફેબ્રિક બનાવી શકીએ છીએ અને એમાં વ્યકિતઓ પણ ઘણી છે. આ બ્રિજ બનાવવાનો પ્રયાસ ચેમ્બરે કર્યો છે. સુરત આ આયોજન માટે ગર્વ અનુભવે છે. યાર્ન એક્ષ્પોની ખ્યાતિ ભારતભર અને વિશ્વભરમાં પહોંચે એવી ચેમ્બરને તેમણે શુભકામના આપી હતી.

ચેમ્બરના એકઝીબીશન સેલના હેડ શ્રી દેવેશ પટેલે યાર્ન એક્ષ્પો વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, ગત વર્ષ કરતા આ વર્ષે યાર્ન એક્ષ્પો ડબલ સાઇઝમાં યોજાયો છે. ૧૦૦થી વધુ એકઝીબીટર્સે આ વર્ષે ભાગ લીધો છે. પ્રથમ વખત દક્ષિણ ભારતની ૧૨થી વધુ કંપનીઓ એક્ષ્પોમાં જોડાઇ છે. પોલિસ્ટરની સાથે કોટન અને નવા યાર્નની શ્રૃંખલાઓનો ઉમેરો થયો છે. આથી વિવર્સ ભાઇઓ એકઝીબીશનનો વધુમાં વધુ લાભ લે તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

યાર્ન એક્ષ્પો અને જીએફઆરઆરસીના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યુ હતુ કે, ગતવર્ષે એકઝીબીટર્સને બાયર્સ મળ્યાં જેથી આ વર્ષે મોટાપાયે ઇન્ટરનેશનલ લેવલનું એક્ષ્પો કરી શકયા છીએ. ૯૦ના દાયકામાં જાપાન લીડર હતું. વર્તમાનમાં ચાઇના લીડ કરે છે. આપણને લીડ કરવુ હશે તો નવા ઇનોવેશન કરવા પડશે. ગ્લોબલ માર્કેટમાં શું ટ્રેન્ડ ચાલી રહયો છે તેનો અભ્યાસ કરીને આગળ વધવુ પડશે.

યસ બેંકના એકઝીકયુટીવ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી દુષ્યંત સાપરાએ જણાવ્યુ હતુ કે, યસ બેંક દ્વારા ઇન્ડસ્ટ્રીઝ માટે ડિજીટલ પ્લેટફોર્મ પૂરું પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે.

ઉદ્‌ઘાટન સમારોહના અંતે ચેમ્બરના માનદ્‌ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સમારોહનું સમાપન થયુ હતુ.